# ૧. સૌનું કરો કલ્યાણ

**જાદવદાસ**

માનનીય કવિશ્રીનો પરિચય હાલમાં પ્રાપ્ત થયો ન હોવાથી અહીં આપી શક્યા નથી. પ્રાપ્ત થતાં પુનર્મુદ્રણ પ્રતમાં આપવામાં આવશે. જો કોઈ પાસે કવિશ્રીનો પરિચય ઉપલબ્ધ હોય તો બાલભારતી, પુણેનો સંપર્ક કરવા વિનંતી.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કૃતિમાં કવિ પ્રભુને પ્રાર્થના કરે છે કે, આ દુનિયાના બધા જ સ્ત્રી-પુરુષો, પશુ-પક્ષીઓ, જીવજંતુઓનું સદાય કલ્યાણ થાય - શુભ થાય. કવિ અહીં 'સ્વ'નો નહિ પણ 'સર્વ'નો વિચાર કરતા કહે છે કે, સૌ કોઈ હરહંમેશ આનંદમાં રહે અને સુખ ભોગવે.

દુનિયામાં ક્યાંય દર્દ ન રહે, દુકાળ ન પડે અને લડાઈ ઝઘડા ન થાય. સુખ-સમૃદ્ધિ વધે અને આરોગ્ય ઉત્તમ રહે જેથી કદી કોઈનું બૂરું ઇચ્છવાનો સમય જ ન આવે. દરેક પોતાના ધર્મ પ્રમાણે ઈશ્વરને ભજે અને માનવતાના ધર્મને જીવનમાં અપનાવે એવી પ્રાર્થના કવિ ઈશ્વરને કરે છે. સહુના હિતમાં જ પોતાનું હિત સમાયેલું છે.

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ ! સૌનું કરો કલ્યાણ
નરનારી પશુપક્ષીની સાથે, જીવજંતુનું તમામ... દયાળુ
જગનાં વાસી સૌ સુખ ભોગવે, આનંદે રહી આઠે જામ... દયાળુ
દુનિયામાં દરદ દુકાળ પડે નહિ, લડે નહિ કોઈ ગામ... દયાળુ
સર્વ જગે સુખાકારી વધે ને, વળી વધે ધનધાન્ય... દયાળુ
કોઈ કોઈનું બૂરું ન ઇચ્છે, સૌનું ઇચ્છે કલ્યાણ ... દયાળુ
પોતપોતાના ધર્મ પ્રમાણે, સર્વ ભજે ભગવાન... દયાળુ
જાદવદાસના દાસ પોકારે, પ્રેમે કરી પરણામ... દયાળુ

**અધ્યાપન સંકેત**

પ્રસ્તુત પ્રાર્થનાનું અધ્યાપન કરાવતા પહેલાં તેનું સમૂહગાન કરાવવું. કાવ્યના વિષયવસ્તુને સ્પષ્ટ કરવા પ્રશ્નો પૂછવા. ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓને સક્રિય રાખવા, 'સ્વ'ને નહિ પણ 'સર્વ'ને કેન્દ્રમાં રાખી સર્વેના સુખ માટે જીવન જીવવાની પ્રેરણા આપવી. પોતાના ધર્મનું પાલન કરવું પણ માનવધર્મને કદી ન ભૂલવાની કવિ અહીં જડીબુટ્ટી બતાવે છે તેની સમજ વિદ્યાર્થીઓના મનમાં દઢ કરવી.

## સ્વાધ્યાય

**સ. ૧.** **નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દ શોધો :**

(૧) શુભ (૨) કૃપાળુ (૩) અનાજ (૪) દુષ્કાળ

(૫) ઈશ્વર (૬) સેવક (૭) પહોર (૮) પૈસા

**સ. ૨.** **નમૂના પ્રમાણે શબ્દ લખો : દા.ત. : ક્રૂર – દયાળુ**

(૧) શહેર (૨) નફરત (૩) ઘટવું (૪) ઇચ્છા

(૫) સુકાળ (૬) આનંદ (૭) દુઃખ (૮) ભલું

**સ. ૩.** **નીચેના શબ્દોને સ્વીકૃત જોડણીમાં લખો :**

(૧) પરણામ (૨) દરદ (૩) પરથમ (૪) દરશન (૫) સરજન (૬) સમરણ

**સ. ૪.** **નીચેના શબ્દના બે જુદાજુદા અર્થ દર્શાવો : દા.ત. : બૂરું – ખરાબ, ઝીણી સાકર/ખાંડ**

(૧) વાસી (૨) છત (૩) કલ્યાણ

**સ. ૫.** **કાવ્યમાં આપેલા જોડશબ્દો શોધીને લખો.**

**સ. ૬.** **કાવ્યપંક્તિમાં ખૂટતો શબ્દ લખો :**

(૧) જગનાં વાસી સૌ સુખ ભોગવે, ____રહી આઠે જામ.

(૨) પોતપોતાના____પ્રમાણે, સર્વ ભજે ભગવાન.

(૩) સૌનું કરો કલ્યાણ, ____ પ્રભુ, સૌનું કરો કલ્યાણ.

(૪) સર્વ જગે સુખાકારી વધે ને, વળી વધે ___.

**સ. ૭.** **નીચેના અર્થ દર્શાવતી કાવ્યપંક્તિ લખો :**

(૧) માણસોની સાથે અન્ય સૌ કોઈનું પણ કલ્યાણ કરો.

(૨) કવિ પ્રભુને પ્રેમથી વંદન કરીને પ્રાર્થના કરે છે.

(૩) આખા જગતમાં સુખ વધે અને લોકો સમૃદ્ધ બને.

(૪) જગતના બધા લોકો હસીખુશીથી રહે.

**સ. ૮.** **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો :**

(૧) સૌનું કલ્યાણ એટલે __________________

(અ) બધાં માનવોનું કલ્યાણ (આ) બધાં જીવજંતુ અને જાનવરોનું કલ્યાણ

(ઇ) માનવો, પશુપંખી અને જીવજંતુનું કલ્યાણ

(૨) આઠે જામ એટલે __________________

(અ) કાયમ માટે, સદાય (આ) આઠે પહોર (ઇ) આઠ કલાક

(૩) દુકાળ ન પડે તો _______________

(અ) ધનધાન્ય મળે અને સુખાકારી વધે (આ) વ્યવસ્થિત પાણી મળી રહે (ઇ) લડાઈ–ઝઘડા ન થાય

સ. ૯. આ કાવ્યનો સાર ટૂંકમાં તમારા શબ્દોમાં લખો.

સ. ૧૦. અર્થ બદલ્યા વગર વાક્યને નકારાત્મક બનાવો :

(૧) સહુનું ભલું કરો.
(૨) સુદ પક્ષમાં ચંદ્રની કળા વધે છે.
(૩) સુખમાં રહેવું બધાને ગમે છે.
(૪) ગમતાં કામ કરો.
(૫) તાજો ખોરાક ખાઓ.
(૬) બૂરું કામ કરો તો બૂરું ફળ મળે.

સ. ૧૧. રેખાંકિત શબ્દ પરથી બીજો શબ્દ બનાવી વાક્યમાં ખાલી જગ્યા પૂરો :

દા.ત. : જેનામાં દયા હોય તેને દયાળુ કહેવાય.

(૧) કોઈનું બૂરું કરો નહિ __________________ એ અવગુણ છે.
(૨) પોતપોતાના ધર્મ પ્રમાણે __________________ રીતરિવાજોનું પાલન કરો.
(૩) કુટેવ સામે લડો __________________ આપવાથી કુટેવ દૂર થાય.

**સંભાષણ** ★ તમે પ્રાર્થના કરો છો ત્યારે ભગવાન પાસે શું માંગો છો તેની વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ તમને ગમતી કોઈપણ એક સર્વધર્મ પ્રાર્થના ચાર્ટ પેપર પર લખી વર્ગમાં લગાડો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### વરદાન

અમે તારાં નાનાં બાળ પ્રભુ !
તારું નિશદિન ધરતા ધ્યાન.
અમ સૌનો તું વિકાસ કરજે.
પાલન કરજે હે ભગવાન,
જીવ માત્રની સેવા કરીએ,
એવું દે અમને વરદાન..... પ્રભુ તારું

શક્તિ દેજે, ભક્તિ દેજે,
દેજે અમને વિદ્યાદાન,
સદ્બુદ્ધિ દઈ રક્ષા કરજે,
બાળક તારાં સૌ નાદાન..... પ્રભુ તારું

વંદના કરતાં ગુરુજનને વળી,
વડીલોને દેતા અમે માન,
સહકારથી હળીમળીને,
સૌએ લેતાં સારું જ્ઞાન..... પ્રભુ તારું

8SG675

હે ભગવાન ! હું જે ચાહું, એવું જ નહિ, પણ જે યોગ્ય હોય એવું જ થવા દેજે.